# હિંમતનગરમાં સભાની મંજુરી માટે અનશન પર બેઠેલા ૯ પાટીદાર યુવકોની અટકાયત

હિંમતનગર, તા.૨

હિંમતનગર ખાતે તા.૪ ઓકટોમ્બરના રોજ મોડાસીયા કડવા પાટીદાર સમાજવાડી ખાતે પાટીદાર અનામત આંદોલનમાં શહીદ થયેલા નવ યુવકોને શ્રધ્ધાંજંલિ આપવા માટે કન્વીનર હાર્દિક પટેલે શ્રધ્ધાજંલિ સભા યોજવાની કરેલી જાહેરાત બાદ તેની મંજુરી વહીવટી તંત્રએ આપી ન હતી. જેથી તેના વિરોધમાં સાબરકાંઠાના નવ પાટીદાર યુવાનો ગુરુવારે કલેકટર કચેરીના પ્રાંગણમાં અનશન પર બેઠા હતા. જેથી પોલીસે તેમની અટકાયત કરી લીધી હતી. જોકે સાંજે તેમને કોર્ટમાં રજુ કરતા ન્યાયાધીશે જામીન પર મુકત કર્યા હતા.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગરમાં શ્રધ્ધાજંલિ સભા યોજવા માટે સાબરકાંઠા પાટીદાર અનામત આંદોલન સમિતિના નેજા હેઠળ મોડાસીયા કડવા પાટીદાર સમાજવાડીમાં શ્રધ્ધાજંલિ સભા યોજવા માટે જિલ્લા કલેકટર પાસે મંજુરી માગી હતી. પરંતુ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને ધ્યાનમાં રાખીને બુધવારે મંજુરી આપવામાં આવી ન હતી.

જેના વિરોધમાં ગુરૂવારે પાટીદાર સમાજના નવ યુવાનોએ ગુરૂવારે બહુમાળી ભવનના પ્રાંગણમાં આવી અનશન પર બેસી ગયા હતા. જેથી બીડીવીઝનના પી.એસ.આઇ. ડી.ડી.પરમાર તથા સ્ટાફે કલમ ૧૮૮ મુજબ જાહેરનામાનો ભંગ કરતા અટકાયત કરી લીધી હતી. જોકે વહીવટી તંત્ર દ્વારા અગાઉથી જ બહુમાળી ભવનમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. ત્યારબાદ તેમને સાંજે હિંમતનગરમાં આવેલ ચોથા એડિશનલ સિવિલ જજ અને જયુડીશીયલ મેજીસ્ટ્રેટ બી.સી.ત્રિપાઠીની કોર્ટમાં રજુ કરાયા હતા. જયાં તેમણે રૂા.૫ હજારના મુચરકા જામીન પર મુકત કરવાના આદેશ કર્યા હતા.

**અટકાયત કરાયેલા પાટીદારોની યાદી**

- અનિલભાઈ અંબાલાલ પટેલ (પ્રાંતિજ)
- મહેશભાઈ એ. પટેલ (હિંમતપુર)
- દિક્ષિતકુમાર જીતેન્દ્રભાઈ પટેલ (રામપુર)
- મીલનકુમાર વિઠ્ઠલદાસ પટેલ (દેસાસણ)
- અશ્વિનકુમાર ર. પટેલ (લક્ષ્મીપુરા, ખેડાવાડા)
- પ્રતિકભાઈ કિરીટભાઈ પટેલ (પેથાપુર)
- અંકિતભાઈ ગિરીશભાઈ પટેલ (દેધરોટા)
- પરેશભાઈ શંકરભાઈ પટેલ (અંબાવાડા)
- પ્રમોદભાઈ ડાહ્યાભાઈ પટેલ (હિંમતપુર)

**તમામને કોર્ટમાં રજૂ કરતા જામીન પર મુક્ત કરાયા**



ચાર્તુમાસ નિમિત્તે હિંમતનગર પધારેલા સંજયમુનિજી મહારાજે લોક લાગણીને માન આપીને શહેરના અનેક વિસ્તારોમાં ધર્મપ્રેમીઓના ઘરે જઈ પાવન પગલા પાડી આર્શીવાદ આપી ધર્મના પ્રચાર અને પ્રસાર માટેનો સંદેશો આપ્યો હતો.

# હિંમતનગરમાં હાથમતી નદી પરનો પુલ ચારમાર્ગીય બનશે

હિંમતનગર, તા.૨

હિંમતનગરઅંબાજી સ્ટેટ હાઈવે માર્ગને ફોરલેનમાં બનાવવા રાજય સરકાર દ્વારા રૂા.૧૬૯ કરોડની ગ્રાન્ટને મંજુરી આપ્યા બાદ સાબરકાંઠા જિલ્લા માર્ગ અને મકાન વિભાગે સર્વે સાથે તાંત્રિક પ્રક્રિયા હાથ ધરાઈ છે. ફોરલેન માર્ગના કામમાં હિંમતનગર શહેરના હાથમતી બ્રીજને પણ પહોળો કરવાની કાર્યવાહી હાથ ધરાતા નગરજનોને સાંકળા પુલને પગલે ટ્રાફીક સમસ્યાની પરેશાનીમાંથી હવે મુકિત મળશે. જેથી નગરજનોમાં ખુશીની લાગણી વ્યાપી છે.

રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગના ઠરાવ ક્રમાંક નં.પરચ/૧૦૨૦૧૫/૩૮/સી તા.૩૦/૬/૨૦૧૫ દ્વારા હિંમતનગરઈડરખેડબ્રહ્માઅંબાજીના માર્ગને ચારમાર્ગીય બનાવવાના કામ માટે રૂા.૧૬૯.૦૬ કરોડ હાલ પ્રથમ તબક્કામાં મંજુર કરાયા છે. જયારે બીજા તબક્કાના આ કામ માટે રૂા.૧૦૫ કરોડની યોજનાના કામને પણ મંજુરી મળી ગઈ છે. માર્ગ અને મકાન વિભાગના ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર બી.કે.ભાવસાર અને અધિક મદદનીશ ઈજનેર એન. બી. શુકલએ જણાવ્યુ હતું કે હિંમતનગરથી ઈડરના માથાસુર ચોકડી સુધીના માર્ગને ચારમાર્ગીય બનાવવા હાલમાં વિભાગ દ્વારા તાંત્રિક પ્રક્રિયા સાથે સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે.

**હિંમતનગરથી ઈડરના માર્ગને ફોરલેન બનાવવા સર્વે સાથે તાંત્રિક પ્રક્રિયા આરંભાઈ : પ્રથમ તબક્કામાં રૂ. ૧૬૯.૦૬ કરોડનો ખર્ચ કરાશે**

રૂા.૧૬૯.૦૬ કરોડના ખર્ચે હિંમતનગરથી ઈડર સુધીના ૩૨ કિ.મી.ના માર્ગને ચારમાર્ગીય બનાવવા તંત્ર કાર્યરત બન્યુ છે. ત્યારે હિંમતનગર શહેરમાં હાથમતી નદી પરના પુલને પણ પહોળો કરી ચારમાર્ગીય બનાવાશે.

હરણાવ અને સાબરમતી નદી પરના પુલો પણ ચારમાર્ગીય બનશે

હિંમતનગરઅંબાજી માર્ગને ફોરલેન બનાવવાની યોજનામાં ખેડબ્રહ્મા ખાતેની હરણાવ નદી પર તેમજ ખેરોજ પાસેના સાબરમતી નદી પરના પુલને પણ રૂા.૫૨ કરોડના ખર્ચે ચારમાર્ગીય બનાવવાના કામને મંજુરી મળી ગયાનું જિલ્લાના માર્ગ અને મકાન વિભાગના સૂત્રોએ જણાવ્યુ હતું.

# ટેટોડા પાસેના તૂટેલા પુલના કારણે વાહનચાલક અને નાગરિકો પરેશાન





પાલનપુર, તા.૨

પુરમાં તૂટી ગયેલા ટેટોડા ગામ પાસેનો પુલ વાહન ચાલકો અને આજુ બાજુના ગામ માટે માથાના દુખાવા રૂપ સાબિત છતાં તંત્રને આ પુલનું સમારકામ કરવામાં કોઈ રસ નથી પુલ ના કારણે લોકો નીઘ હરામ અને તંત્ર ઘોર નિંદ્રામાં.

બે માસ અગાઉ બનાસકાંઠા જીલ્લા માં મેઘરાજાએ તારાજી સર્જી હતી અને લાખો કરોડો નો વિનાશ વેર્યો હતો તે બાદ આજે પણ લોકો આ વિનસ ના કારણે ભારે મુશ્કેલી નો સામનો કરી રહ્યા છે ધાનેરા ડીસા હાઈવે પર આવેલા ટેટોડા ગામ પાસે નો પુલ પાણી ના પુર ના કારણે તૂટી જવા પામ્યો હતો તે વાત ને આજે બે મહિના કરતા પણ વધારે સમય વીતી ગયો છે ત્યારે તંત્રના કોઈ જ નેતા કે અધિકારી આ પુલ સામે જોતા પણ નથી અને આ તૂટેલા પુલના કારણે આ જગ્યા પર વારંવાર ટ્રાફિક સર્જાય છે અને વાહન ચાલકોની સાથેસાથે લોકો પણ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે ત્યારે ગ્રામજનોનો રોષ તંત્ર સામે ભભૂકવા લાગ્યો હતો.



મોડાસા તાલુકાના મહાદેવગ્રામ મીની રાજઘાટ તરીકે ઓળખાય છે ત્યારે ગાંધીબાપુની જન્મજયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મહાદેવગ્રામમાં ગાંધીજીના અસ્તિ લાવનાર ગૌરીશંકર માણેકરાવ જોશીના પરિવારજનો ઉપસ્થિત રહી ગાંધીબાપુની સમાધિને પુષ્પાંજલિ અર્પિત કરી હતી.

# હિંમતનગરમાં વાહનચોર ટોળકી સક્રિય ત્રણ દિવસમાં ત્રણ વાહનોની ચોરી

હિંમતનગર, તા.૨

હિંમતનગર શહેરના વિવિધ વિસ્તારોમાંથી રવિવારથી મંગળવાર દરમિયાન ત્રણ વાહનચોરીની ઘટના અંગે શહેરના એ અને બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદો નોંધાવા પામી હતી. શહેરમાંથી છેલ્લા કેટલાક દિવસોથી વાહનચોરીની ઘટનાઓ વધવા છતાં પોલીસ તંત્ર વાહન ચોર ટોળકીને જબ્બે કરવામાં નિષ્ફળ સાબિત થયુ છે.

વાહન ચોરીની ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર શહેરના કાંકણોલ રોડ પરના વાત્સલ્ય વિલામાં રહેતા જીજ્ઞેશભાઈ કાન્તિલાલ પટેલે રૂા. ૨૦ હજારની મત્તાનું પોતાનું બાઈક નં. જીજે. ૦૯. એબી. ૨૫૬૫ ઘર પાસેની ખુલ્લી જગ્યામાં પાર્ક કર્યુ હતું. જે બાઈકની કોઇ ગઠિયો રવિવારની મોડી રાત્રે ચોરી કરી ભાગી છુટયો હતો. જયારે મોતીપુરાની શરણમ સોસાયટીમાં રહેતા પ્રવિણચંદ્ર કાનજીભાઈ વાઘેલાએ ગત મંગળવારે પોતાનું સ્પેલ્ન્ડર બાઈક નં. જીજે. ૯. કયુ. ૮૧૫૯ પોતાના ઘર પાસેની ખુલ્લી જગ્યામાં મુકયુ હતું. રૂા.૧૬૫૦૦ ની કિંમતના બાઈકની ચોરી કોઇ ગઠિયો મંગળવારે મોડી રાત્રે ચોરી કરી ગયો હતો. બાઈક ચોરીની બંને ઘટનાઓ સંદર્ભે એડીવીઝન પોલીસે વાહનચોરીનો ગુનો દર્જ કર્યો હતો.

જયારે હિંમતનગર નજીકના નવા ગામના રહીશ ધીરજકુમાર ગુલાબચંદ નવાકરે મંગળવારે બપોરના સુમારે પોતાનું હીરો હોન્ડા બાઈક નં. જીજે. ૯. એએન. ૨૬૩૮ લઈ હિંમતનગરની સ્ટેટ બેંક પાસેની ગલીમાં આવી પાર્ક કર્યુ હતું. રૂા.૨૫ હજારની કિંમતનું આ બાઈક ચોરી થઈ જતા તેમણે વાહન ચોરીની ઘટના અંગે બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આમ શહેરમાંથી છેલ્લા ત્રણ દિવસમાં જ ત્રણ વાહનોની ચોરી થવા છતાં શહેર પોલીસ તંત્ર હજુ વાહન ચોર ટોળકીને જબ્બે કરવામાં નિષ્ફળ સાબિત થતા નગરજનોનો પોલીસ તંત્રની કામગીરી પરથી ભરોસો ઉઠી રહ્યો છે.

## અંબાજી મંદિર.... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કિલોમીટર દુર આવેલા અંબાજી મંદિર ખાતે સમગ્ર મંદિર પરિસર અને ગબ્બર ખાતે આવેલ મંદિરે પણ સઘન ચકાસણી પોલીસની એજન્સીઓએ હાથ ધરી હતી. ૧૮ કલાકના તપાસના અંતે પોલીસને કઈ વાધાંજનક ચીજવસ્તુઓ કે શંકાસ્પદ વસ્તુઓ હાથ ન લાગતા પોલીસે અને તંત્રએ હાશકારો અનુભવ્યો હતો. સુરક્ષાના પગલે મંદિરે આવતા યાત્રિકો અને અંબાજીમાં પ્રવેશતા તમામ શખ્સો, વાહનની સઘન ચકાસણી હાથ ધરવામાં આવી છે.

## બ્રિડીંગ મળ્યા.... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પકડી પાડેલ છે. ૬૩ હજાર જેટલા મકાનોના એક લાખ ૨૩ હજારથી વધુ પાત્રોની તેણે ચકાસણી કરી છે.

આજે રજાના દિવસે પણ તંત્રએ તેની કામગીરી ચાલુ રાખી હતી અને સે. ૨૨માંથી મળેલી ફરિયાદોની ચકાસણી બાદ ઢોર ડબ્બા કચેરી ખાતે પણ તેણે તપાસ હાથ ધરી હતી.

તંત્રની ટીમે ત્યાં પડેલા વાહનોના નોનયુઝ ટાયરોમાંથી ૧૨ જેટલા બ્રિડીંગ પકડી પાડતાં કર્મચારીઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો.

તંત્રની ટીમે આજે સે. ૧૩માં પણ સર્વેલન્સની કામગીરી હાથ ધરી હતી. જેમાં ટીમે ૨ હજારથી વધુ મકાનોના સર્વેલન્સમાં પાંચ હજારથી વધુ પાત્રોની ચકાસણી કરતાં ૯૫ સ્થાનોએથી મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા હતા. ટીમે તાત્કાલિક ત્યાં એન્ટી લારવેલની કામગીરી કરી હતી.

આ ઉપરાંત ગાંધીનગરની આગવી ઓળખ બનેલ અક્ષરધામ મંદિરના વર્કશોપમાં પણ ચકાસણી કરતાં નવ જેટલા સ્થાનોએથી મચ્છરોના બ્રિડીંગ મળ્યા હતા. અક્ષરધામના સત્તાવાળાઓએ જ તંત્રને ફરિયાદ કરી હતી કે અમને અહિ મચ્છરો જણાઈ રહ્યા છે આપ તપાસ કરો તેવી ફરિયાદને લઈ તંત્રની ટીમે સમગ્ર સંકુલને ચકાસ્યું હતું.

ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળાની પરિસ્થિતિને નિયંત્રિત કરવા માટે મેલેરિયા તંત્રએ મચ્છરોના ઉત્પત્તિ સ્થાનો પર જ ત્રાટકી તેનો નાશ કરવાની વ્યુહરચના હાથ ધરી છે. છેલ્લા એક માસમાં જ ૬૧ હજારથી પણ વધુ મકાનો અને કચેરીઓમાં આવેલા જુદા જુદા પાત્રોની જ્યાં પાણીનો સંગ્રહ થાય છે તેને ચકાસ્યા હતા અને તે પૈકી ૨૩૯૦ પાત્રોમાં મચ્છરોના બ્રિડીંગ જણાતાં તેનો નાશ કર્યો છે.



ગાંધી જયંતિના અવસરે પ્રવાસન નિગમના અધિકારીઓ-કર્મચારીઓએ વિધાનસભા પ્રાંગણમાં આવેલ ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. પ્રવાસન વિભાગના સચિવ શ્રી એસ.જે. હૈદર, પ્રવાસન નિગમના મેનેજીંગ ડાયરેકટરશ્રી શ્રીવાસ્તવ સહિત અધિકારીઓ જોડાયા હતા.

## વડાગામની સગીરાને પડોશી યુવાન ભગાડી ગયો

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના વડાગામ ખાતે રહેતા એક પરિવારની સગીર દિકરીને તેના જ ગામનો યુવાન લગ્નની લાલચ આપી લલચાવી ફોસલાવીને ભગાડી ગયો છે. આ અપહરણમાં અન્ય એક યુવકે મદદગારી કરી હતી. આ બાબતની જાણ છોકરીના પરિવારને થતાં તેમણે ધનસુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

## ખુલાસા પુછાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખુલાસા માંગવામાં આવ્યા છે. આ ખુલાસાઓની નકલ પણ રાજય સરકારને સુપ્રત થનાર હેવાલમાં સામેલ કરવામાં આવે તેવી શકયતાના નિર્દેશ મળી રહ્યા છે.

સિવિલ હોસ્પિટલમાં આ સપ્તાહમાં જ અધિકારીઓની તપાસ ટીમ પણ ત્રાટકી હતી અને તે ટીમે સેવાકીય બાબતો સહિતની તપાસ કરી હતી જે ઉલ્લેખનીય છે.

સિવિલ હોસ્પિટલ ગાંધીનગરમાં કર્મચારીઓની ઘટ પણ ચર્ચાનો મુદ્દો બની છે. સિવિલ હોસ્પિટલ પહેલાં ૧૫૦ પથારીની હતી પરંતુ હવે તે ૬૦૦ જેટલી પથારીની સુવિધા ધરાવતી બની છે એટલે તંત્રનો વ્યાપ જે પ્રમાણમાં વધવો જોઈએ તે વધ્યો નથી. આ ઉપરાંત કોન્ટ્રાક્ટ આધારિત કર્મચારીઓ પાસેથી સપ્રાઈથી કામ લઈ શકાતુ નથી એ પણ હકીકત બની સમસ્યા ઉભરી રહી છે. આ કર્મચારીઓ આઉટ સોર્સિંગ એજન્સી દ્વારા પુરા પાડવામાં આવતા હોય છે ત્યારે સત્તાવાળાઓએ આ બાબતે સત્વરે વિચારવુ જોઈએ તેવી માંગ પણ ઉઠી રહી છે.

## ગાંધી ૧૦૦ (ચોથા પાનાનું ચાલુ...)

સમજણ મળે એવા સરળ જવાબો આપવાના ગાંધીજીના પ્રયાસને અર્થે ખુશી વ્યક્ત કરી હતી. સાથે તેમણે એવી ખાતરી પણ ઉચ્ચારી હતી કે ગાંધીજીએ વ્યક્ત કરેલા આદર્શો અત્યંત ઊંચા છે કે સૌ તેમાં સંમત થઈ જાય એવી અપેક્ષા હું રાખતો નથી પરંતુ ગાંધીએ રજુ કરેલા મુખ્ય ધ્યેય બાબતે સૌ સહમત થઈશું કે તમામ આર્થિક પ્રશ્નો અને સિદ્ધાંતોનું ધ્યેય માનવજાતિનું કલ્યાણ હોવું જોઈએ.

(લેખક - સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

## નાયબ કાર્યપાલક ઈજનેરનો વય નિવૃત્તી સંદર્ભે સન્માન સમારંભ યોજાયો



ભિલોડા,તા.૨

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના સુપ્રસિધ્ધ જુના ભવનાથમાં શ્રી ભુવનેશ્વર મહાદેવ મંદીર પટ્ટાંગણમાં ભિલોડા માર્ગ અને મકાન પંચાયત પેટા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર ડી.એસ. ચારણની વય નિવૃત્તી સંદર્ભે સન્માન સમારંભ યોજાયો હતો.

## મહેફિલ (સંજય થોરાત ) (પાના નં. ૨નું ચાલુ)

નર્મદાના કિનારે આવેલા કબીર વડનાં સંત કબીર કે જેમને કવિ કહેવા કે ફકીર? પેન વગર પેઈન્ટીંગ કરતા અને ઈશ્વર સિવાય કોઈની પરવા ન કરતા કબીરની રચના... 'મેરો મન યાર લાગો ફકીરી મેં, જો સુખ પાઉં રામભજન મેં ઓ સુખ નાહી અમીરી મેં...' અને 'દર્સ દિવાના બાવલા, અલમફત ફકિરા...' બંને રચનાઓ પ્રાર્થનાની ચરમસીમા જેવી બની રહી.

નાનક, કબીર, નરસિંહની એક બાદ એક રચનાઓ આવતી રહી અને સફેદ કપડામાં, સ્વયંભૂ શિસ્તમાં આવીને ગોઠવાયેલા ગાંધી ભકતો એ માણતાં રહ્યા... કાહે રે મન ખોજન જાઈ સર્વ નિવાસી, ઘૂંઘટ કા પટ ખોલ, તોહે પિયા મિલેંગે, અબ મેં અપને રામ કો રિજાઉં, નિર્મળ તન કે નિર્મળ મન કે બહતે નિર્મળતા... દરેક પદ ભકિતના પથ પર દોરી જતાં....

અંતમાં ભૈરવીમાં રજુ થયેલું જે જગજીતસિગના કંઠે સાંભળ્યું હોય તો એની અસર કાયમ રહે એવું 'સબસે ઉંચી પ્રેમ સગાઈ, દૂર્યોધન કો મેવા ત્યાગો, ખાત વિદૂરકી ભાજી...' અને સાથે 'મન મસ્ત હુઆ સબ કયુ બોલે..' સાથે ગાંધીજીની પ્રાર્થનાઓ સંપન્ન થઈ.

ગાંધીજી એ ભાષણનું નહી પણ આચરણનું વ્યકિતત્વ હતું. કલાગુર્જરી દર વખતે કોઈ થીમ પર મંચ પર ગાંધીજીના ચિત્રો મુક છે. આ વખતે ગાંધીજીને આફ્રિકાથી પરત આવ્યા ને ૧૦૦ વર્ષ પૂર્ણ થતા હોવાથી એ ઘટનાના ચિત્રો મૂકયાં હતાં. ૧૯૧૫માં તેઓ હિન્દુસ્તાન પરત આવ્યા અને આશ્રમ જીવન અપનાવ્યું. ગોપાલકૃણ ગોખલેએ એમન એક વર્ષ ભારત ભ્રમણ કરવાની સલાહ આપેલી અને એમણે એ વખતે ફેંટો અપનાવેલો, એવાં બે ફેંટાવાળો અને ગોખલે સાથેના ચિત્રો આકર્ષક લાગતા હતાં...

ગાંધીજીએ આફ્રિકામાં સામુદાયિક જીવનનો પ્રારંભ કર્યો અને ત્યારે ત્યાં સાંજની પ્રાર્થના થતી અને એમાં જે ભજનો ગવાતા એનો સંગ્રહ 'નીતિનાં કાવ્યો'ના નામથી પ્રકાશીત કર્યા હતાં. તેઓ ભારત આવ્યા અને શ્રીમદ્ રાજચંદ્ર નારાયણ રાવ ખરે, વિનોબા ભાવે, કાળોબા ભાવે સાથેના સત્સંગ બાદ એમણે પ્રાર્થનામાં ઉપનિષદ, રામાયણ, મહાભારત, કુરાન, બાયબલ, સંત સાહિત્યમાંથી પસંદગી કરીને 'આશ્રમ ભજનાવલિ' તૈયાર થઈ.

ગાંધીજીનું સૌથી પ્રિય ભજન એટલે 'વૈષ્ણવ જન તો તેને રે કહીએ જે...' જે તેઓ એમના કોઈ પણ મહ્ત્વના પ્રસંગે સૌ પ્રથમ ગવડાવીને જ કાર્યક્રમ શરૂ કરતાં એ ભજનના શબ્દો, '... જ પીડ પરાઈ જાણે રે...' આ કાર્યક્રમનું શિર્ષક છે. જે સૌથી છેલ્લે ગવાય છે અને એના પછી રામધૂન સાથે ગાંધીજીને હૃદયપૂર્વક સુરાંજલિ અર્પી સૌ છુટા પડે છે. શાશ્વત રીતે રાજય કરી રહેલા ગાંધીજીને હૃદયપૂર્વકની અંજલિ અર્પવાનું સૌભાગ્ય સાચવતાં સૌ ગાંધીપ્રમીઓ વંદનને સાથે કહેવું પડે કે.. 'પ્રભુ મરે અવગુણ ચિત્ત ના ધરો, સમદર્શી હે નામ તિહારો, ચાહે તો પાર કરો...'

# વરતોલ ગામનો બિસ્માર્ક માર્ગ સત્વરે રીપેર કરવા માંગ

ખેડબ્રહ્મા, તા. ૨

ખેડબ્રહ્મા તાલુકાના વરતોલ ગામમાં આવેલ ચામુંડા માતાના મંદિરે આગામી દિવસોમાં નવરાત્રીનો તહેવાર આવતો હોઈ ભારે ઘસારો રહેવા પામે છે. એવા સમયે ખેડબ્રહ્માથી વરતોલ ગામનો જે મુખ્ય રસ્તો બિસ્માર્ક થયેલ છે તે રસ્તાને તંત્ર સત્વરે સમારકામ કરે તેવી ગ્રામ લોકોની માંગ ઉઠવા પામી છે.

ખેડબ્રહ્મા તાલુકામાં આવેલ વરતોલ ગામનો આંતરિક રસ્તો ખુબજ બિસ્માર્ક થયેલ છે. રોડ ઉપર ખાડા છે કે પછી તંત્ર દ્વારા ખાડામાં જ રોડ બનાવવામાં આવ્યો છે. તે ગ્રામજનોને ખબર જ પડતી નથી. વધુમાં આસ્થાનું કેન્દ્ર એવું મા ચામુંડાનું મંદિર તરફ પણ આજ રસ્તો જતો હોવાથી લોકોને ભારે હાલાકી ભોગવવી પડે છે. આ ઉપરાંત આ એક માત્ર માર્ગ છે. જે મુખ્ય રસ્તાને અડતો હોવાથી ગ્રામ લોકો ઘણી જ વિકટ પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે. આ રસ્તાને સરખો કરવા માટે તંત્ર સમક્ષ અવારનવાર મૌખીક રજુઆત પણ કરવામાં આવી હોવા છતાં હજુ સુધી તંત્ર અગોર નિદ્રામાંથી જાગૃત અવસ્થામાં આવી શક્યું નથી.

# સાંપડ પાસેની સાબરમતી નદીમાંથી રેતી ભરી જતુ ટ્રેકટર ઝડપાયું

પ્રાંતિજ, તા.૨

પ્રાંતિજ તાલુકાના સાંપડ પાસેથી પસાર થતી સાબરમતી નદીમાંથી ગુરૂવારે પાસ પરમીટ વગર રેતી ભરી જતા એક ટ્રેકટરને ખાણ ખનિજ વિભાગ દ્વારા ઝડપી લેવામાં આવ્યુ હતું.

ગુરૂવારે સાંપડ પાસેથી પસાર થતી સાબરમતી નદીમાંથી ટ્રેકટર નં.જીજે.૯.સીબી.૬૫૮૮ ને ઉભુ રાખી તેની પાસેથી પરમીટ માગવામાં આવી હતી. પરંતુ ટ્રેકટરના ચાલકે પરમીટ રજુ કરી ન હતી. જેથી રેતી ભરેલા આ ટ્રેકટરને પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં મુકાવી દેવાયુ હતું અને ટ્રેકટરના માલિક નવીનસિંહ બાલુસિંહ રાઠોડ (રહે.વાઘપુર) વિરૂધ્ધ સંલગ્ન વિભાગે ઘટતી કાર્યવાહી કરી હતી.

## ટી.ડી.ઓ.ની નિમણુંક કરાતાં પ્રજાજનોમાં આનંદ

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા પંચાયતમાં ટી.ડી.ઓની નિમણુંક કરાતાં પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી છે. ભિલોડા તાલુકા પંચાયત ટી.ડી.ઓ. તરીકે જે. બી.મોડીયાએ કાર્યભાર સંભાળ્યો હતો.